# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 03-Dec-2024 બપોરે : 1.20થી 1.30

વાર : મંગળવાર

આકાશવાણી સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.

---

1) સંસદના બંને ગૃહોની કામગીરી આજે છઠ્ઠા દિવસે શરૂ થઇ- સંભલ હિંસાના મામલે રાજ્યસભામાં વિપક્ષોનો વોકઆઉટ
2) વિરોધપક્ષોના સાંસદોએ સંસદ પરિસરમાં વિવિધ મુદ્દે વિરોધ પ્રદર્શન કર્યું
3) આંતર રાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ નિમિત્તે રાષ્ટ્રપતિએ 33 વિશેષ વ્યક્તિઓ અને સંસ્થાઓને પુરસ્કાર એનાયત કર્યા
4) ત્રણ નવા ફોજદારી કાયદાની સફળ અમલીકરણ પ્રક્રિયાથી રાષ્ટ્રને માહિતગાર કરવા પ્રધાનમંત્રી ચંદીગઢ પહોંચ્યા
5) ગિનીમાં ફૂટબોલ મેચ દરમિયાન હિંસા અને નાસભાગમાં 56નાં મોત

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## *PARLIAMENT*

**સંસદનું શિયાળુ સત્ર આજે છઠ્ઠા દિવસે શાંતિપૂર્ણ રીતે શરૂ થયું હતું. સતત પાંચ દિવસ સુધી વિરોધપક્ષોના હોબાળાના પગલે બંને ગૃહોમાં અત્યંત મર્યાદિત કાર્યવાહી**

**થઈ હતી. પરંતુ ગઇકાલે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ વિપક્ષોના સાંસદોને શિયાળુ સત્ર શાંતિપૂર્ણ રીતે ચાલે તેવી અપીલ કરતાં વિપક્ષો સંમત થયા હતા.**

## RS. SAMBHAL VIOLENCE

ઉત્તરપ્રદેશના સંભલમાં હિંસા અંગેનો મુદ્દો આજે રાજયસભામાં ઉઠાવવામાં આવ્યો હતો. શૂન્યકાળ દરમિયાન સમાજવાદી પાર્ટીના સાંસદ રામગોપાલ યાદવે આ મુદ્દો ઉઠાવ્યો હતો અને આ પ્રકરણમાં રાજય પોલીસે દમન આચર્યું હોવાનો આક્ષેપ કર્યો હતો.

તેમણે જણાવ્યું કે, આ ઘટનામાં પાંચ વ્યક્તિઓના મૃત્યુ થયા હતા અને 20ને ઇજા થઇ હતી. બાદમાં સમાજવાદી પાર્ટી અને ટી.એમ.સી.ના સભ્યો ગૃહમાંથી વોકઆઉટ કરી ગયા હતા.

## *PAR-PROTEST*

**ઇન્ડિયા ગઠબંધનના સાંસદોએ આજે એક અગ્રણી વેપારી જૂથ સામે કથિત લાંચના આરોપો સહિતના મુદ્દાઓને લઈને સંસદ ભવન સંકુલમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. લોકસભામાં વિરોધ પક્ષના નેતા કોંગ્રેસના રાહુલ ગાંધી, આમ આદમી પાર્ટીના સંજય સિંહ, આરએસપીના એન.કે. પ્રેમચંદ્રન, આરજેડીના મીસા ભારતી અને અન્ય વિપક્ષી સાંસદોએ વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. તેઓ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા. કોંગ્રેસના સાંસદ શશિ થરૂરે આક્ષેપ કર્યો હતો કે સભ્યો મોદી સરકારની નીતિઓનો વિરોધ કરી રહ્યા છે જે ખેડૂત વિરોધી છે અને મૂડીવાદને પ્રોત્સાહન આપે છે. મીડિયા સાથે વાત કરતા સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે કહ્યું કે તેમની પાર્ટીએ સંસદના શિયાળુ સત્રની શરૂઆતથી જ સંભલ ઘટનાનો મુદ્દો ઉઠાવવાનો પ્રયાસ કર્યો છે. તેમણે કહ્યું કે, સમાજવાદી પાર્ટી સંસદમાં આ મુદ્દે ચર્ચા કરવા માંગે છે.**

## *LS-WEAVERS*

**કાપડ મંત્રી ગિરિરાજ સિંહે કહ્યું છે કે રાષ્ટ્રીય વણકર આયોગની રચના કરવાની કોઈ યોજના નથી કારણ કે સરકાર વણકરોના કલ્યાણ માટે સતત કામ કરી રહી છે. તેમણે કહ્યું કે કેન્દ્ર વણકરોને આર્થિક મદદ પણ કરી રહ્યું છે. આજે લોકસભામાં એક પૂરક પ્રશ્નના જવાબમાં શ્રી. સિંઘે કહ્યું કે દેશભરમાં 26 લાખથી વધુ વણકર છે, જેમાંથી 72 ટકા મહિલાઓ છે. તેમણે જણાવ્યું હતું કે સ્મોલ ક્લસ્ટર ડેવલપમેન્ટ પ્રોગ્રામ, હેન્ડલૂમ માર્કેટિંગ સહાય, મેગા ક્લસ્ટર ડેવલપમેન્ટ પ્રોગ્રામ અને હેન્ડલૂમ વણકર કલ્યાણ સહિતની વણકર માટે સરકાર  ઘણી યોજનાઓ અમલમાં મૂકી રહી છે**

## RIJIU –PAR

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ ભારપૂર્વક જણાવ્યું છે કે, દેશ ચલાવવા માટે સંસદમાં અસરકારક કામગીરી થવી જરૂરી છે. સંસદમાં વિરોધપક્ષો દ્વારા વારંવાર કાર્યવાહી ખોરવવા અંગે તેમણે જણાવ્યું કે, જો સંસદની કાર્યવાહીમાં વિક્ષેપ પડે તો તેનો સૌથી વધુ ભોગ દેશ અને વિરોધપક્ષના સાંસદો બને છે. તેમણે જણાવ્યું કે, અનેક વિપક્ષી સાંસદોને સમજાઈ રહ્યું છે કે, ગૃહમાં ખલેલ પહોંચાડવી એ દેશ અને વિરોધપક્ષના હિતમાં નથી.

તેમણે ખુશી વ્યક્ત કરી કે, આજથી સંસદ સુચારુ રીતે કાર્ય કરી રહ્યું છે. તેમણે જણાવ્યું કે, 13 અને 14 ડિસેમ્બરે લોકસભામાં અને 16 અને 17 ડિસેમ્બરે રાજયસભામાં બંધારણ ઉપર ચર્ચા થશે.

## *PREZ – AWARD*

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે નવી દિલ્હીમાં દિવ્યાં વ્યક્તિઓના સશક્તિકરણ માટે રાષ્ટ્રીય પુરસ્કારો એનાયત કર્યા. આ કાર્યક્રમમાં સભાને સંબોધતા રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે આ એવોર્ડના વિજેતાઓ સમાજ માટે રોલ મોડલ તરીકે ઉભરી રહ્યા છે.**

રાષ્ટ્રપતિએ ઉમેર્યું હતું કે આ પુરસ્કાર સમગ્ર દેશમાં દિવ્યાંગ વ્યક્તિઓને પ્રોત્સાહિત અને મજબૂત કરવામાં મદદ કરશે.

# (બાઇટ-રાષ્ટ્રપતિ મુર્મુ)

## *PREZ-ODISHA VISIT*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી ઓડિશાની પાંચ દિવસીય મુલાકાતે જશે.

તેમની મુલાકાત દરમિયાન, રાષ્ટ્રપતિ પંડિત રઘુનાથ મુર્મુની નવી પ્રતિમાનું અનાવરણ કરશે અને ભુવનેશ્વરમાં આદિમ ઓવાર જરપા જાહેરની મુલાકાત લેશે.રાષ્ટ્રપતિ પુરીના જગન્નાથ મંદિરમાં પણ પૂજા કરશે. રાષ્ટ્રપતિ ગોપબંધુ આયુર્વેદ મહાવિદ્યાલયની 75મી વર્ષગાંઠની ઉજવણી અને બ્લુ ફ્લેગ બીચ પર નૌકાદળ દિવસની ઉજવણીમાં હાજરી આપશે.

5મી ડિસેમ્બરે રાષ્ટ્રપતિ ભુવનેશ્વરમાં ઓડિશા યુનિવર્સિટી ઓફ એગ્રીકલ્ચર એન્ડ ટેક્નોલોજીના 40મા દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહેશે. તેમના હસ્તે ભુવનેશ્વર ખાતે નવા ન્યાયિક અદાલત સંકુલનું પણ ઉદ્ઘાટન થશે.

બીજા દિવસે, રાષ્ટ્રપતિ મુર્મુ રાયરંગપુર ખાતે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ગ્રામજનો સાથે વાર્તાલાપ કરશે. તેમની મુલાકાતના છેલ્લા દિવસે, રાષ્ટ્રપતિ બાંગીરીપોસી-ગોરુમહિસાની, બુરમારા-ચકુલિયા અને બદમપહાર-કેંદુઝારગઢ રેલ લાઇન્સ, રાયરંગપુરમાં આદિજાતિ સંશોધન અને વિકાસ કેન્દ્ર, સહિત વિવિધ વિકાસ પરિયોજનાઓનું ખાતમુહૂર્ત કરશે.

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર

માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## *PM-CHANDIGARH*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ એમ ત્રણ પરિવર્તનકારી નવા ફોજદારી કાયદાના સફળ અમલીકરણને રાષ્ટ્રને સમર્પિત કરવા ચંદીગઢ પહોંચી ગયા છે.

નવા ફોજદારી કાયદા, જે આ વર્ષે 1લી જુલાઈના રોજ દેશભરમાં લાગુ કરવામાં આવ્યા હતા, તેનો હેતુ દેશની કાયદાની વ્યવસ્થાને વધુ પારદર્શક, કાર્યક્ષમ અને સમકાલીન સમાજની જરૂરિયાતોને અનુરૂપ બનાવવાનો છે. આ કાર્યક્રમની થીમ "સુરક્ષિત સમાજ, વિકસિત ભારત: સજાથી ન્યાય સુધી." આધારિત છે જેના દ્વારા કાયદાઓની વ્યવહારિક એપ્લિકેશનનું નિદર્શન કરશે..

## PM STALIN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તમિલનાડુના મુખ્યમંત્રી એમ .કે .સ્ટાલિન સાથે વાત કરીને રાજયમાં પૂરની સ્થિતિની સમીક્ષા કરી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ પ્રધાનમંત્રીએ શ્રી સ્ટાલિનને રાજયમાં પૂરને પગલે સર્જાયેલી સ્થિતિમાં તમામ શક્ય મદદ કરવાની ખાતરી આપી હતી.

## *GUINEA STAMPEDE*

દક્ષિણ-પૂર્વ ગિનીના એન'ઝેરેકોર શહેરમાં ફૂટબોલ મેચ દરમિયાન હિંસા અને નાસભાગની ઘટનામાં મૃત્યુઆંક વધીને 56 પર પહોંચી ગયો છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, ગિનીના રાષ્ટ્રપતિ મામાદી ડુમ્બુયાએ શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, સરકાર આ દુ:ખદ ઘટના માટે શોક વ્યક્ત

કરે છે.તેમજ ઘટનાની તપાસ માટે ઉચ્ચસ્તરીય તપાસ માટે તપાસ પંચની રચના કરવામાં આવશે.. પ્રધાનમંત્રી અમાડો ઓરી બાહની આગેવાની હેઠળની ટીમ ઘટના સ્થળે રવાના થઇ ગઇ છે.

## *J&K-DACHIGAM FORESTS*

જમ્મુ અને કાશ્મીરમાં, શ્રીનગરના દાચીગામના જંગલોમાં ચાલી રહેલા આતંકવાદ વિરોધી ઓપરેશનમાં આજે સવારે એક આતંકવાદી માર્યો ગયો. અગાઉ, સુરક્ષા દળોએ મોડી રાત્રે આતંકવાદીઓની હાજરી વિશે ગુપ્ત માહિતીના આધારે આ વિસ્તારમાં ઓપરેશન શરૂ કર્યું હતું. સેનાના પ્રવક્તાએ કહ્યું કે જંગલોમાં ઓપરેશન ચાલુ છે, અને આતંકવાદીઓના ભાગી જવાથી બચવા માટે તમામ પ્રવેશ અને બહાર નીકળવાના સ્થળોને સીલ કરીને વિસ્તારને સંપૂર્ણ રીતે કોર્ડન કરી લેવામાં આવ્યો છે.

## *NCC DG*

એનસીસી કેડેટ્સને તેમની એકેડેમીમાં તાલીમ આપવા માટે લગભગ બે હજાર ભૂતપૂર્વ સૈનિકોને રાખવામાં આવશે.

આકાશવાણી ન્યૂઝને આપેલી મુલાકાતમાં, નેશનલ કેડેટ કોર્પ્સના મહાનિર્દેશક લેફ્ટનન્ટ જનરલ ગુરબીરપાલ સિંહે જણાવ્યું હતું કે NCC કેડેટ્સ ઉત્સાહપૂર્વક અગ્નિવીર યોજનામાં ભાગ લઈ રહ્યા છે. તેમણે કહ્યું કે એનસીસી સેનામાં જોડાવા માંગતા કેડેટ્સને પણ તાલીમ આપી રહી છે.

લે. જનરલ સિંઘે એ પણ પ્રકાશિત કર્યું કે તાલીમ દરમિયાન કેડેટ્સને નવીન અને ઉભરતા પડકારો વિશે માહિતગાર કરવામાં આવે છે અને તે મુજબ, તેમને તાલીમ આપવામાં આવે છે.

તેમણે કહ્યું કે એનસીસી કેડેટ્સ પર્યાવરણીય સંરક્ષણમાં પણ ભાગ લઈ રહ્યા છે અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા આ વર્ષે 5મી જૂને શરૂ કરાયેલ રાષ્ટ્રવ્યાપી વૃક્ષારોપણ અભિયાન 'એક પે મા કે નામ'માં પણ ભાગ લઈ રહ્યા છે.